

## ભરૂચના કંબોલી ગામની સરકારી શાળામાંથી કપિરાજ ગંભીર હાલતમાં મળતાં રેસ્ક્યુ કરાયો

ભરૂચ: ભરૂચ જિલ્લાના કંબોલી ગામની એક સરકારી શાળામાંથી એક લંગુર પ્રજાતિનો કપીરાજ ગંભીર હાલતમાં મળી આવતા વન વિભાગે તેને પાંજરે પુરવાની સાથે સારવાર બાદ તેને યોગ્ય જગ્યાએ છોડી મુકવાની કવાયત હાથ ધરી હતી.

ટંકારીયાના પ્રવિણભાઈ સોલંકીએ એક ગંભીર હાલતમાં લંગુર પ્રજાતિના કપીરાજ હોવાનો કોલ વનવિભાગને કર્યો હતો. જેના કારણે આ ઇન્ડિયન લંગુર પ્રજાતિનો કપિરાજ (વાનર) ગંભીર અવસ્થામાં હોય તાત્કાલિક વનવિભાગના આર.એફ.ઓ. મહેન્દ્રસિંહ કઠવાડીયાએ ભરૂચના જિવદયા પ્રેમિ સંસ્થા ફ્રેન્ડ્સ ઓફ એનિમલ અને કામધેનુ ગૌરક્ષા સમિતિના સભ્યોને કોલ કરી જાણ કરી હતી. જેથી વનવિભાગના અધિકારીઓ અને જિવદયા પ્રેમી યોગેશ મિસ્ત્રી, જયરામ ગલચર, હિરેન શાહ, જયેશ કનોજીયા તથા મનોજ સોલંકી દ્વારા વનવિભાગના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ કપિરાજને રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો. હાલમાં તેને પ્રાથમિક સારવાર માટે રેવા નર્સરી ખાતે ઓબર્ઝવેશનમાં રાખવામા આવેલ છે. ત્યાં તેની તબિયત સુધારા પર આવ્યા બાદ તેના કુદરતી વાતાવરણમાં છોડવામાં આવશે.



સુરેશ ગાંધી

## કાંસમાં પડેલી ભેંસને અંકલેશ્વર પાલિકાના સેનિટેશન વિભાગે બચાવી

અંકલેશ્વર : અંકલેશ્વરમાં વચનામૃત સોસાયટીથી સુભાષ પાર્ક જવાના રોડની બાજુમાં કાંસમાં પડેલી ભેંસને રેસ્ક્યુ કરી નગરપાલિકા સેનીટેશન વિભાગે સલામત રીતે બહાર કાઢી હતી. ત્યાર બાદ ભેંસની સારવાર માટે રઘુવીર મહિડાએ વેટરનરી ડોક્ટર વિજય પાટીલનો સંપર્ક કરીને પશુ દવાખાના નવીનગરી ખાતે કન્ટેનરમાં લઈ જઈ સારવાર આપવામાં આવી હતી.

## બમરોલી ગામે વીજ કરંટ લાગતાં ગાયનું મોત

બારડોલી: બારડોલી તાલુકાનાં બમરોલી ગામે રાજપૂત ફળિયામાં રહેતા મહેન્દ્રસિંહ પ્રભાતસિંહ સોલંકી ખેતી તેમજ પશુપાલનનો વ્યવસાય કરે છે. ગુરૂવારે સવારે 10 વાગ્યાની આસપાસ તેમને ત્યાં કામ કરતો ગોવાળ વિષ્ણું હળપતિ બમરોલી ગામે ખેતરાડી વિસ્તારમાં પશુઓ ચરાવવા માટે ગયો હતો. તે દરમ્યાન ખેતરાડી વિસ્તારમાંથી પસાર થતી ખેતીવાડીની વીજલાઇનનો વીજતાર તૂટી ગયો હોય અને જેમાં વીજપ્રવાહ ચાલુ હતો. તે દરમ્યાન મહેન્દ્રસિંહની એક ગાય ચરતી ચરતી વિજતાર પાસે પહોંચતા જીવંત વિજતારને અડી ગઈ હતી. વીજકરંટ લાગતાં ગાયનું ઘટના સ્થળે મોત નીપજયું હતું. બનાવની જાણ મહેન્દ્રસિંહ સોલંકીને થતાં તેમણે વીજ કંપનીના અધિકારીઓને જાણ કરતાં તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને વીજ પ્રવાહ બંધ કર્યો હતો.

### ખાખી વર્દી કેટલી ખરડાયેલી છે તેવી વિગતો ખુદ પોલીસની સામે આવી રહી છે

# હે.કો. દીપક અને તેના પંટરો 2014થી અમિત શર્માની દારૂ ભરેલી કારનું પાયલોટિંગ કરતા હતા

**સાગી** લાકડાં તોડ પ્રકરણમાં આઇસર ટેમ્પાના ચાલક અમિત શર્મા ઉર્ફે સરદારની કબૂલાતથી જાણવા મળ્યું કે પોલીસ કર્મચારી ખુદ દારૂના વેપલામાં સામેલ છે

બારડોલી: બારડોલી ખાતે નેશનલ હાઈવે નંબર-53 ઉપર અગાસી માતાના મંદિર નજીક એક સાગી લાકડા ભરીને આવતા આઈસર ટેમ્પા તોડ પ્રકરણમાં બારડોલી ડીવાયએસપીએ અત્યાર સુધીમાં હે.કો દિપક મ્હાલે સહિત ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. જે પૈકી આઈસર ટેમ્પાના ચાલક અમિત શર્મા ઉર્ફે સરદારની પૂછતાછમાં જાણવા મળ્યું છે કે તે અગાઉ વિદેશી દારૂનો ધંધો કરતો હતો ત્યારે દિપક મ્હાલે અને બારડોલીના અન્ય બે ફંટરો તેમની વિદેશી દારૂ ભરેલી ગાડીનું પાયલોટિંગ કરતાં હતા.

સાગી લાકડા તોડ પ્રકરણમાં પકડાયેલો આઈસર ટેમ્પાનો ચાલક અમિત શર્મા ઉર્ફે સરદાર વર્ષ 2014 દરમ્યાન મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો ધંધો કરતો હતો. દમણથી આવતી તેમની વિદેશી દારૂ ભરેલી ગાડીનું પાયલોટિંગ પોલીસ જવાન દિપક મ્હાલે કરતો હતો. આ દિપક મ્હાલે સાથે હાલમાં એજન્સીના ફંટર બની ફરતા બારડોલી પંથકના બે ઈસમો પણ પાયલોટિંગ કરતાં હતા. જેના બદલામાં અમિત શર્મા પાસે મોટી રકમ લેતા હતા. હવે આ સમગ્ર હકીકત બહાર આવ્યા બાદ પોલીસબેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. સુરત જિલ્લામાં કહેવાતા ફંટરો રાત્રિ દરમ્યાન રોડ ઉપર વિદેશી દારૂના વાહનોનું પાયલોટિંગ કરતાં હોય છે. અને જે બુટલેગરો લાઈનમાં ન હોય તેવા બુટલેગરોના વાહનો પકડી લે અથવા તો લૂંટી લેતા પણ ખચકાતાં નથી. સમગ્ર પ્રકરણની ઊંડી તપાસ બાદ મોટું નેટવર્ક બહાર આવે તેવી શક્યતા છે. પોલીસની તપાસ કઈ દિશામાં રહે એ જોવું રહ્યું.

### 2014માં માંડવી પોલીસ જવાનને અકસ્માત નડ્યો હતો કે પછી હુમલો થયો હતો ?

માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાન કમલેશ ચૌધરીની કારને 5 સપ્ટેમ્બર 2014ના રોજ અકસ્માત થયો હોય અને કમલેશને ગંભીર ઇજા પહોંચી હોય તે પ્રકારની ફરિયાદ નોંધાય હતી. આ પ્રકરણની યોગ્ય તપાસ થાય તો સાગી લાકડા તોડ પ્રકરણ સાથે પણ છેડા જોડાય તેવી શક્યતા છે. કમલેશ ચૌધરી વિદેશી દારૂ ભરેલી ગાડીઓનો પીછો કરતો હતો અને 4 સપ્ટેમ્બર 2014ના રોજ તેમણે એક વિદેશી દારૂ ભરેલી કારનો કાચ તોડી નાંખ્યો હતો. જેથી બુટલેગરો કમલેશની પાછળ પડી ગયા હોવાની ચર્ચા ચાલી હતી. તે સમયે આ ટોળકીના ફંટરો તેમજ અન્ય સાગરીતોએ ભેગા મળી કમલેશ ઉપર હુમલો કર્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. જેથી આ મામલાની સઘન તપાસ થવી જરૂરી છે.

### સ્ટેટ મોનીટરીંગ સેલના PSI સહિત ત્રણ પોલીસકર્મીઓને જિલ્લા હેડક્વાર્ટરમાં બેસાડી દેવાયા

બારડોલી: બારડોલીના સાગી લાકડા વિવાદાસ્પદ પ્રકરણનો રેલો સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ સુધી પહોંચતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. મામલામાં સુરત જિલ્લા ગ્રામ્ય પોલીસમાંથી સ્ટેટ મોનીટરીંગ સેલમાં ફરજ બજાવતા ગુલાબ ગોપાળના સંપર્કો હોવાની હકીકત સામે આવતાં ગુલાબ સહિત પી.એસ.આઈ. આયુબ બલોચ અને કિરણસિંહ લક્ષ્મણ સાથેની રેડીંગ પાર્ટીને પરત સુરત ગ્રામ્ય હેડક્વાર્ટર ખાતે મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લા પોલીસમાં ખળભળાટ મચી ગયો છે.

## ટ્રેનમાં મુસાફરોની બેગમાંથી રૂપિયા ચોરતો મુંબઈનો તસ્કર પકડાયો

**ચોર પાસેથી** એક અસ્ત્રો, ચપ્પુ અને મુસાફરની બેગમાંથી ચોરેલા બે લાખ રોકડા મળ્યા



પલસાણા: કડોદરા પોલીસ સ્ટાફના માણસો વાહન ચેકિંગમાં હતા તે દરમ્યાન કડોદરા ચાર રસ્તા પાસે આવેલ ઠાકોરજી કોમ્પ્લેક્ષ નજીકથી એક શંકાસ્પદ ઇસમને ઝડપી પાડ્યો હતો. અને તેની પૂછતાછ કરતાં તેણે પોતાનું નામ મહમદ હાફિજ જૂનેદ અહમેદ શેખ (24) (રહે, પ્રકાશ બિલ્ડીંગ, મુંબરા, મુંબઈ) હોવાનું જણાવ્યુ હતું. તેમની અંગઝડતી દરમ્યાન પોલીસને એક અસ્ત્રો તેમજ બાંદ્રાથી સુરતની રેલ્વે ટિકીટ એક ચપ્પુ અને રોકડ રકમ 2.01 લાખ રૂપિયા મળી આવ્યા હતા. પોલીસે વધુ પૂછપરછ કરતાં તેણે જણાવ્યુ હતું કે ગત-14મી સપ્ટેમ્બરના રોજ મુંબઈથી કેટરિંગ ઇવેંટ માટે જયપુર જવા નીકળ્યો હતો ત્યારે બાંદ્રા જયપુર ટ્રેનનું રિઝર્વેશન કરાવ્યુ હતું. પરંતુ તે રેલવે સ્ટેશન ઉપર આવે તે પહેલા જ ટ્રેન ચૂકી ગયો હતો. ત્યાંથી તે સુરત આવતી અરાવલ્લી એક્ષપ્રેસ ટ્રેનની જનરલ ટિકીટ કઢાવી હતી. અને ટ્રેનના એસ-૭ ડબ્બામાં બેઠો હતો. ત્યાંથી 10 નંબરના ડબ્બામાં બેઠો હતો. સુરત નજીક આવતા મોડી રાત્રિના સમયે ટ્રેનમાં સૂતેલા એક મુસાફરની બેગને અસ્ત્રા વડે કાપી તેમાંથી 2.01 લાખ રૂપિયા ચોરી કરી લીધા હતા. અને ત્યાંથી અંકલેશ્વર સ્ટેશન ઉપર ઉતરી ગયો હતો. ફરી તે સુરત આવી ગયો હતો. જ્યાં રેલવે પોલીસ તેને શોધતી હોય તે બીકે સુરત રેલ્વે સ્ટેશન નજીકમાં આવેલ રિક્ષા સ્ટેન્ડ ઉપર આવી એક ગેસ્ટ હાઉસમાં રોકાયો હતો. અને ત્યાંથી કડોદરા આવ્યો હતો તે દરમ્યાન કડોદરા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

## વાઝરડામાં તૂટેલી ડીપી વીજ કચેરીએ લઈ જઈ ગ્રામજનોની ધરણાંની ચીમકી

**ત્રણ મહિના** વિતવા છતાં વીજ તંત્રના અધિકારીઓની ઊંઘ ન ઊડતાં લોકો અકળાયા

વ્યારા: સોનગઢના વાઝરડામાં ચોમાસા પહેલાં વીજ લાઇનની ડીપી તૂટી ગઈ હતી. પરંતુ ત્રણ મહિના વિતી ગયા છતાં વીજ તંત્રના વહીવટી અધિકારીઓની ઊંઘ ઊડી નથી. કોઈ માથાભારે વ્યક્તિ તૂટી પડેલી વીજ લાઈન સાથે જીવંત પ્રવાહનો વાયર જોડી દે અથવા રાહદારી કે પશુઓને આ જીવંત તાર અડી જાય તો ખૂબ જ મોટી જાનહાનિ થઈ શકે છે.

વાઝરડામાં તૂટી પડેલી વીજલાઇનથી આજુબાજુનાં ખેતર અને પરિવારોએ સતત ભયના માહોલમાં જીવવું પડે છે. આ બાબતે સ્થાનિક તંત્રને વીજ લાઇન રિપેર કરવા અરજીઓ પણ કરાઈ છે. અને મૌખિક રીતે વારંવાર ઓફિસમાં રજૂઆત કરવા છતાં વીજતંત્રની ઊંઘ ઊડતી નથી. જેથી લોકોએ તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો.



વીજ તંત્ર કોઈ કાર્યવાહી નહીં કરે તો ગામલોકોએ જાતે જ આ તૂટી પડેલી ડીપીને ઊંચકીને વીજ ઓફિસની સામે ધરણાં પ્રદર્શન કરવાની ચીમકી ઉચ્ચારી છે. સરકારે કરોડો રૂપિયાની યોજનાઓ અમલમાં મૂકી છેવાડાની વ્યક્તિ સુધી વીજ લાઇનની સુવિધા મળી રહે એ માટેની મુહિમ છેડી છે. ત્યારે વીજ તંત્રના અધિકારીઓ છેવટનાં ગામડાંમાં કેવી લાલિયાવાડી કરે છે તેનો આ જીવતો જાગતો દાખલો વાઝરડા ગામે વીજ લાઇન સાથે તૂટી પડેલી ડીપી છે.

## કીમ ચાર રસ્તા પાસેના ઓટો મોબાઇલ કંપનીના કેશિયર દ્વારા ૫.૩૧ લાખની ઉચાપત

**પાલોદ** પોલીસે અગાઉ માત્ર અરજી લેતાં જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી કોસંબા પોલીસે કેસ હાથમાં લઈ કેશિયર સામે ગુનો દાખલ કર્યો

હથોડા: માંગરોળનાં ડુંગરી ગામનાં વિપુલભાઈ નટુભાઈ ગામીત છેલ્લા સાત વર્ષથી માંગરોળ તાલુકાનાં કીમ ચારરસ્તા ખાતે આવેલા કટારીયા ઓટો મોબાઈલ પ્રા. લીમીટેડમાં એકાઉન્ટન્ટ કેશિયર તરીકે ફરજ બજાવે છે.

આ વિપુલભાઈએ કંપનીનાં ૫,૩૧,૨૩૬ રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરિયાદ કોસંબા પોલીસ મથકે કંપનીનાં બ્રાન્ચ મેનેજર હરદીપસિંહ ભુપેન્દ્રસિંહ સોલંકીએ દાખલ કરાવી છે. વિપુલ કંપનીમાં વાહન ખરીદવા માટે આવતા ગ્રાહકોના રૂપિયા બીજે દિવસે કીમ ખાતેની બેંક ઓફ બરોડની શાખામાં જમા કરાવતો હતો. આ દરમિયાન કંપનીની પીપલોદ ખાતે આવેલી હેડ ઓફિસમાં હેડ કેશિયર તરીકે ફરજ બજાવતા વિજયભાઈ મિશ્રાએ કીમ ખાતેની કંપની ઉપર ફોન કરી કહ્યું કે તારીખ ૨/૪/૨૦૧૯ થી તારીખ ૧૮/૬/૨૦૧૯ નાં સમયગાળા દરમિયાન ૧,૩૩, ૨૨,૪૦૩ રૂપિયાની રસીદ બની છે. અને બેંકમાં ૧,૨૭,૯૧,૧૬૭ રૂપિયા જમા થયા છે, બાકીનાં ૫,૩૧,૨૩૬ રૂપિયાનો હિસાબ મળતો નથી. જેની તપાસ કરતાં ખબર પડી કે આ રકમ વિપુલભાઈ ગામીતે કરી છે. આ મામલે અગાઉ બે વખલ પાલોદ પોલીસ ચોકીમાં આરજી આપી હતી પરંતુ એફ.આર.આઈ. નોંધવામાં અખાડા કરતાં આ મામલે જિલ્લા પોલીસ અધિકક્ષકની કચેરીએ ફરિયાદ દાખલ કરવાનું કહેતાં આ મામલે તારીખ ૧૯/૯/૨૦૧૯ના રોજ કોસંબા પોલીસે ઉચાપત કરનાર વિપુલભાઈ નટુભાઈ ગામીત સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ પી.એસ.આઈ.એચ.એન.આંજરાને સુપ્રત કરવામાં આવી છે.

## માંગરોળ તાલુકાની અનેક પોસ્ટ ઓફિસોમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરવા મુહૂર્ત મળતું નથી!

**પ્રિન્ટરો** મોકલવાના બાકી છે એટલે પોસ્ટઓફિસોમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરાઇ નથી, ટૂંક સમયમાં થશે : એસ.એસ.પી.કચેરી

મોસાલી: પોસ્ટવિભાગ દ્વારા નક્કી કરેલી પોસ્ટઓફિસમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરવા કેન્દ્ર સરકારની મંજૂરી છતાં હજુ અતિપછાત માંગરોળ તાલુકાની એક પણ પોસ્ટઓફિસમાં આ કામગીરી શરૂ ન કરાતાં પ્રજાજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આ કામગીરી માટેનાં સાધનો ધૂળ ખાઈ રહ્યા છે. જાણવા મળ્યું છે કે, માંગરોળ તાલુકાની માંગરોળ, મોસાલી, વાંકલ, ઝંખવાવ સહિતની પોસ્ટઓફિસોમા આજદિન સુધી આ કામગીરી શરૂ કરવામાં આવી નથી. કેટલીક વાર એજન્સીના ઓપરેટર નહીં આવતાં અહીં કામ માટે દૂર દૂરના ગામેથી આવતા લોકોને વિલા મોઢે પરત ફરવું પડે છે.

આ બાબતે પ્રિન્ટરો મોકલવાના બાકી હોય, પોસ્ટઓફિસોમાં આધારકાર્ડની કામગીરી શરૂ કરાઇ નથી: એસ.એસ.પી.કચેરી

આ પ્રશ્ને સુરતની એસ.એસ.પી. કચેરીનો સંપર્ક કરી પુછતાં જવાબ મળ્યો કે હજું આધારકાર્ડ માટેની કામગીરીમાં જે પ્રિન્ટર ઉપયોગમાં લેવામાં આવે છે, તે પ્રિન્ટરો જે તે પોસ્ટઓફિસોમાં મોકલવાના બાકી હોય આ કામગીરી શરૂ કરવામાં આવી નથી, ટૂંક સમયમાં આ પ્રશ્ન હલ થઈ જશે.



### માંડવીના રાજાના ઘોડા બાંધવાના તબેલામાં ચાલતી

## માંડવીની જૂની જર્જરિત મામલતદાર કચેરી ફેન્સિંગ કરીને બંધ કરવામાં આવી

**આ કચેરી** ઘણા વર્ષોથી હોરર શોની હવેલી જેવી દેખાતી હતી, સલામતીના ભાગ રૂપે બંધ કરાઈ

તરસાડા : માંડવી તાલુકા મથક ખાતે સરકાર દ્વારા તાલુકા સેવા સદન બનાવવામાં આવ્યું છે અને પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરી તથા ઈ-ધરા, સબ રજીસ્ટાર કચેરી નવા સેવા સદનમાં કાર્યરત છે.

આથી જૂની મામલતદાર કચેરી જે માંડવીના રાજાના ઘોડા બાંધવાનાં તબેલામાં ચાલતી હતી.આ બિલ્ડીંગ વર્ષો પુરાણું હોવાથી અતિ જર્જરિત હાલતમાં છે. અને તેનો લુક હોરર -શોની હવેલી જેવો દેખાય છે. આમ જર્જરિત બનેલી જુની મામલતદાર કચેરી પાસેથી વાહનો પસાર થાય છે અને કોઈ દુર્ઘટના ન બને તે માટે મામલતદાર એસ.એલ. ડામોરે માંડવી માર્ગ-મકાન ખાતાના ડે. ઈજનેર યુ.બી. ચૌધરી ને જાણ કરતાં જૂની મામલતદાર કચેરીની ફરતે ફેન્સિંગ કરી દેવાયું છે અને સલામતીના પગલાં રૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે

### મહુવા તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પ્રદર્શન અનાવલની સ્કૂલમાં યોજાયું : ધારાસભ્યની હાજરીથી બાળકો ઉત્સાહિત



મેહુલ પટેલ

અનાવલ: મહુવા તાલુકાની તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન અનાવલ હાઈસ્કૂલમાં યોજાયું હતું. જેમાં ધારાસભ્ય મોહનભાઇ ધોડિયા, તાલૂકા વિકાસ અધિકારી રાઠવા પટેલ, જિ.પ.સભ્ય તુષારભાઈ પટેલ, રોશની પટેલ, તા.પ. સભ્ય બાલુભાઈ પટેલ, અનાવલ કેળવણી મંડળના પ્રમુખ વિપુલ પટેલ તેમજ સરપંચોએ હાજરી આપી હતી. આ પ્રદર્શનમાં તાલુકાની વિવિધ શાળાઓ દ્વારા તૈયારી કરાયેલી આકર્ષિત કૃતિઓનું પ્રદર્શન મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા શિક્ષણ અધિકારી જસવંતભાઈ ચૌધરી, બીઆરસી હેમંત પટેલ, શિક્ષક સંઘના પ્રફુલભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, કેન્દ્ર શિક્ષક ધીરુભાઈ તથા સુનિલભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સાથોસાથ અનાવલ પ્રાથમિક શાળા નવા અધતન મકાનનું લોકાર્પણ ધારાસભ્ય મોહનભાઇ ધોડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

## અંકલેશ્વર પાલિકાએ ૩૬ કિલો ઉપરાંતનો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દંડ ફટકાર્યો

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ગુરૂવારે વિવિધ જગ્યાઓ ઉપર અલગ અલગ ટીમ બનાવી દુકાનોના ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં 50 માઈક્રોનની નીચેની થેલીઓ રાખતા દુકાનદારો ઉપર અંકલેશ્વર નગરપાલિકા દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતાં. જેમાં અંકલેશ્વર નગરપાલિકાએ ૩૬ કિલો ઉપરના પ્લાસ્ટિકના મુદ્દામાલની જપ્તી સાથે પ્લાસ્ટીક રાખનાર દુકાનદારોને દંડ કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર નગર પાલિકાના કર્મચારી હર્ષદભાઈ કાપડિયાએ અંકલેશ્વરની પ્રજાને પ્લાસ્ટિકનો વપરાશ ના કરવા માટે અને દુકાનદારોને પણ 2 ઓક્ટોબર પહેલા પ્લાસ્ટિક સ્વેચ્છિક રૂપે અંકલેશ્વરને જમા કરાવી આપે એવું પણ દુકાનદારોને અપીલ કરવામાં આવી છે. 2 ઓક્ટોબર પછી કોઈપણ દુકાનદારને બક્ષવામાં આવશે નહીં.

### ઝઘડિયાના ભાલોદમાં મહાકાય અજગર ઝડપાયો




ઝઘડિયા : ઝઘડિયાના ભાલોદ ગામે નર્મદા નદી કિનારા વિસ્તારમાં મહાકાય અજગર દેખા દેતાં ગ્રામલોકોએ ઝઘડિયાના જંગલખાતાને જાણ કરી હતી. આથી જંગલખાતાનો સ્ટાફ અને રેસ્ક્યુ ટીમના સભ્યો તાબડતોડ ભાલોદ પહોંચી ગયા હતા. જ્યાંથી 10 ફૂટ લાંબા અજગરને ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરી ઝડપી લેવાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પરડાયેલા અજગરને જંગલખાતા દ્વારા સુરક્ષિત સ્થળે છોડી દેવામાં આવશે.

## રાજપીપળામાં તુટેલા રસ્તા, ગંદકી, મચ્છર, રખડતાં ઢોરોની સમસ્યા

**આ સમસ્યાઓથી** મુક્તિ અપાવવા મહિલાઓની જિલ્લા કલેકટરને રજૂઆત

**રખડતા જાનવરો** માટે અમે પોલીસ સાથે મળી એકશન પ્લાન બનાવ્યો છે : ચીફ ઓફિસર

રાજપીપળા : રાજપીપળા શહેરમાં પાલિકા તંત્ર પાયાની સુવિધા આપવામાં નિષ્ક્રિય જતાં શહેરની કેટલીક જાગૃત મહિલાઓએ તંત્રને જગાડવા જિલ્લા કલેક્ટરને સંબોધીને આવેદનપત્ર આપ્યું હતું. રાજપીપળા આરબ ટેકરાના મહિલા અગ્રણી શબાનાબેન આરબ સહિતની મહિલાઓએ આવેદનપત્ર માં જણાવ્યું હતું કે હાલ રાજપીપળા નગરપાલિકા વિસ્તારમાં ઠેર ઠેર ગંદકી છે, પાણીની ગટર લાઇનોની સાફ સફાઈ થતી નથી, મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે જેથ રોગચાળાની દહેશત છે. પાણીની લાઈનોમાં વારંવાર ભંગાણ પડે છે, માર્ગો પર ખાડા પડ્યા છે, ઢોરો રસ્તા પર ઢોરો રખડે છે. લોકોના ઘરો માથી સુકો-ભીનો કચરો લઈ જવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવે નવદુર્ગા હાઈસ્કૂલ, મંદિર અને નિઝામશાહ દરગાહ પાસેની કચરાપેટી આવેલી છે તે તેમજ શાક માર્કેટ પાસેની કચરાપેટી હટાવવામાં આવે તેવી માંગ કરી હતી. નગર પાલિકા ચીફ ઓફિસર અમિત પંડ્યાએ આ બાબતે જણાવ્યું કે ચારેક દિવસ પહેલા જ મેં નર્મદા પોલીસ સાથે રખડતા ઢોર બાબતે વાત કરી એક એક્સન પ્લાન બનાવ્યો છે જેમાં નજીકની પાંજરાપોળમાં આ જાનવરોને સલામત રીતે મોકલી આપવાની તૈયારીઓ કરાઈ છે.

**જાહેર નોટીશ** સબ-ડીવીઝન મેજીસ્ટ્રેટ બારડોલી કોર્ટમાં, મુ. બારડોલી.

વાદી:- ચંદ્રકાંતભાઈ રતનભાઈ પટેલ
રહે, માણેકપોર, પટેલ ફળિયું,
તા. બારડોલી, જિ. સુરત.

ન. જ.મ.પ્ર/એસ.આર. નં. ૧૪૧/૧૯
તા. ૨૯-૦૮-૨૦૧૯

વિરુધ્ધ

પ્રતિવાદી :- જન્મ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગર પાલિકા બારડોલી, તા. બારડોલી જિ. સુરત.

વિષય :- જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ ની ૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી બાબાત

આથી જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી પટેલ ચંદ્રકાંતભાઈ રતનજીભાઈ અને પટેલ નિકેશકુમાર છગનલાલની પત્ની રહે, દિગસ, તા. કામરેજ, જિ. સુરત ની જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલ છે, જેની નીચેની વિગતો નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

૧. નોંધણી કરવવાની છે તેનું નામ : પટેલ દિનાબેન ચંદ્રકાંતભાઈ, ૨. તેમના જન્મની તારીખ ૦૨-૦૧-૧૯૭૩
૩. જન્મનું સ્થળ : બારડોલી, તા. બારડોલી, જિ. સુરત.

સબબ ઉપરોક્ત વિગતે પટેલ દિનાબેન ચંદ્રકાંતભાઈ ના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોયતો અત્રેની કોર્ટમાં દિન ૩૦માં અથવા કામની સુનાવણી તા.૨૩-૦૯-૨૦૧૯ ના રોજ વાંધો રજૂ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩-૦૯-૨૦૧૯ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

વી. એન. રબારી
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને
નાયબ કલેકટર, બારડોલી

**ટાઈટલ અંગેની જાહેર નોટીસ**

આથી તમામ લાગતા વળગતાઓને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ બારડોલી, તા. બારડોલીના મોજે ગામ- બાબેનમાં બ્લોક નં.૨૨/પૈકીમાં આવેલ "ગોપાલ નગર"માં આવેલ પ્લોટ નં. ૨૧૬ વાળી મિલકત ચાલી આવેલ છે. સદરહુ મિલકત ઉપર લોન ધિરાણ મેળવવા ઉષાબેન રાજુભાઈ ખૈરનાર, રાજુભાઈ જાનકુભાઈ ખૈરનાએ હમારા અસીલ બેંકમાંથી લોન ધિરાણ મેળવવા માંગણી કરેલ છે અને જેથી તેઓએ સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સના રીપોર્ટની માંગણી કરેલ છે જેથી તેમની પાસેથી સદરહુ મિલકતને લગતા અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૨૬૧-તારીખ : ૩૦-૧૦-૧૯૯૧ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદની માંગણી કરતાં તેઓએ જણાવેલ છે કે, વેચાણ દસ્તાવેજ નં.૧૨૬૧-તા.૩૦-૧૦-૧૯૯૧નાં રોજનો અસલ વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન રસીદ ગુમ થયેલ છે, અને જેથી જો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંક અગર સહકારી મંડળી અગર નાણાંકીય ધીરધાર કરનારી મંડળીઓ અગર વ્યક્તિએ સદર મિલકત તથા સદર દસ્તાવેજોના આધારે તે મિલકત ઉપર પોતાનો કોઈ બોજો કરેલો હોય અગર તે દસ્તાવેજ તેમના કબજામાં હોય કે સદર મિલકત બાબતે કોઈપણ કોઈપણ પ્રકારનો વાંધા-વિરોધ, હક્ક-હિસ્સો કે ચાર્જ વગેરે હોય તો સદર નોટીશ પ્રસિદ્ધ થયે દીન-૭માં વાંધા તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને જાણ કરવી. અન્યથા સદરહુ મિલકતમાં હિત ધરાવનારાઓએ સદર મિલકત પરત્વેના પોતાના તમામ અધિકારો જતા કરેલા છે એમ માનીને અમો ટાઈટલ સર્ટીફિકેટ ઈસ્યુ કરીશું. અને તેના આધારે અમારા અસીલ બેંક સદર મિલકત મોગેર્જ કરશે અને મોર્ગેજ કરનાર બેંકનો સદર મિલકત પર પ્રથમ ચાર્જ રહેશે, ત્યારબાદ કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની સર્વે એ નોંધ લેવી.

ગુમ થયેલ દસ્તાવેજની વિગત

૧. બારડોલી સબ-રજીસ્ટ્રાર કચેરીમાં તારીખ : ૩૦-૧૦-૧૯૯૧નાં રોજ નોંધાયેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર - ૧૨૬૧ તથા અસલ રજીસ્ટ્રેશન રસીદ.

તારીખ: ૧૮-૦૯-૨૦૧૯
સુથારફળીયા, બારડોલી
તા.બારડોલી જી. સુરત

મારી મારફત,
વિપુલ એસ. પટેલ
એડવોકેટ.

## સંક્ષિપ્ત સમાચાર



### નિઝર- ઉચ્છલ સ્ટેટ હાઇવે બિસમાર, ચાર બાઈક ચાલકો પટકાયાં

નિઝર : તાપી જિલ્લાના આંતરીયાળ નિઝર-ઉચ્છલ સ્ટેટ હાઇવે વરસાદના કારણે ધોવાઈ ગયો છે.નિઝર તાલુકાનાં રૂમકિતલાવથી વ્યાવલ અને વેલ્દા ટાંકીથી કુકરમુંડા સુધીનો રસ્તો બિસ્માર થઈ જતાં એક અઠવાડિયામાં ચાર મોટરસાઇકલ સવારો ખાડામાં ખાબક્યા છે. જેથી લોકોએ રસ્તાને તાત્કાલિક રિપેરિંગ કરવાની માંગણી કરી છે.

### દહેજ પંચાયત નજીક વરસાદી કાંસમાંથી પુરુષની લાશ મળી

પાનોલીઃ ભરૂચ જિલ્લાના દહેજ ગામેથી પંચાયત ઓફિસની સામે આવેલ વરસાદી કાંસની ગટરમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. કપડા ધોવાના કામ માટે આવતી મહિલાઓએ આ મૃતદેહને જોયો અને આજુબાજુમાં જાણ કરતાં ખબર પડી કે, ગામમાં જ છેલ્લા દસ દિવસથી ગુમ થયેલા વ્યક્તિની શોધખોળ ચાલુ જ છે. આ બાબતની જાણ પોલીસ સ્ટેશને કરવામાં આવી હતી. ત્યાર બાદ ગામમાં ગુમ થયેલા વ્યક્તિના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. પરિવારજનોએ તેમના કુટુંબનો ઘનશ્યામસિંહ રાણા જ હોવાનું ખુલ્યું હતું.ઘટનાની પોલીસને જાણ કરતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. બનાવને પગલે દહેજ ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. પોલીસે મૃતકની લાશને પીએમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં મોકલી આ બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢ કોલેજમાં મતદાર કાર્ડ ચકાસણી કેમ્પ યોજાયો

વ્યારાઃ મતદારોને સરળતા રહે તેમજ ક્ષતિ રહિત મતદાર યાદી તૈયાર થાય તેવા આશયથી તા.૧લી સપ્ટેમ્બરથી ચાલી રહેલા મતદારી યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તાપી જીલ્લામાં પણ ક્ષતિરહિત મતદારયાદી તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. સોનગઢ કોલેજ ખાતે મતદાર કાર્ડ ચકાસણી અંગે ત્રણ દિવસ કેમ્પ કરી કોલેજના વિદ્યાર્થીઓને મતદાર કાર્ડ ચકાસણી માટે પ્રોત્સાહિત કરાયા હતા.

### અનાવલ રેફરલ હોસ્પિટલમાં પ્રસૂતાને ધારાસભ્ય મોહન ઢોડિયાની રોકડ સહાય



અનાવલઃ મહુવાની અનાવલ રેફરલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયા, મેડિકલ ઓફિસર ડો.પ્રમોદ ચૌધરીની ઉપસ્થિતિમાં ફળ વિતરણ કરાયું હતું. ધારાસભ્ય મોહનભાઈએ હોસ્પિટલમાં પ્રસૂતિ અર્થે આવેલી મહિલાઓને રોકડ રકમ મદદ અર્થે આપી હતી. આ કાર્યક્રમને લોકોએ બિરદાવ્યો હતો.

### સમગ્ર તાપી જિલ્લામાં સામાન્ય વરસાદ : ઉચ્છલમાં સૌથી વધુ દોઢ ઇંચ પાણી પડ્યું

વ્યારાઃ તાપી જીલ્લાનાં મુખ્ય મથક વ્યારા અને તેની આસપાસનાં વિસ્તારોમાં તા.૧૮મીની રાત્રે ૮:૦૦ વાગ્યાની આસપાસ ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. તા.૧૯મી સપ્ટેમ્બર ગુરૂવારનાં રોજ સાંજે ૦૬:૦૦ કલાકે પૂરા થતા ચોવીસ કલાક દરમિયાન ડોલવણ તાલુકામાં ૧૪ મીમી, સોનગઢ ૧૭ મીમી, વાલોડ ૧૪ મીમી, ઉચ્છલ તાલુકામાં ૩૩ મીમી, નિઝરમાં ૦૨ મીમી, વ્યારા ૧૫ મીમી, કુકરમુન્ડા ૦૫ મીમી વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝન દરમિયાન તાલુકાવાર અત્યાર સુધીમાં સોનગઢ ૧૯૫૬ મીમી, ઉચ્છલ ૧૩૪૬ મીમી, નિઝર ૧૩૫૧ મીમી, વાલોડ ૧૮૨૩ મીમી, વ્યારા ૧૯૨૯ મીમી, ડોલવણ ૧૯૯૮ મીમી અને કુકરમુંડા ૧૧૯૩ મીમી વરસાદ નોધાયો છે. આજે સાંજે ૦૬:૦૦ વાગ્યે ઉકાઈ ડેમની સપાટી ૩૪૨.૬૩ ફૂટ રહેવા પામેલ છે. ઇનફ્લો ૯૨,૧૬૯ ક્યુસેક જ્યારે આઉટફ્લો ૨૨,૩૨૪ ક્યુસેક નોંધાયો હતો.

# ભરૂચમાં કૃત્રિમ તળાવોમાં વિસર્જિત શ્રીજીની પ્રતિમા પી.ઓ.પી.ની હોવાથી પીગળી નહીં

**વહીવટી તંત્ર** હવે આ પીઓપીની પ્રતિમાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરશે



ભરૂચઃ ભરૂચમાં લોકમાતા નર્મદા મૈયાને પ્રદૂષિત થતી અટકાવવા માટે દરવર્ષની જેમ આ વર્ષે પણ કૃત્રિમ કુંડમાં શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ઝાડેશ્વરના નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના ઘાટ ખાતે માત્ર માટીની શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરવા દેવામાં આવ્યું હતું. જ્યારે પાંચ ફૂટ જેટલી મોટી પીઓપીની મૂર્તિઓનું ઝાડેશ્વર ખાતે સાંઇ મંદિર પાસેના કૃત્રિમ કુંડમાં વિસર્જન કરવાનું નક્કી કરાયું હતું. શ્રધ્ધાળુઓએ પણ તંત્રની આ પહેલને આવકારી ઝાડેશ્વર સાંઇ મંદિરની બાજુમાં કૃત્રિમ કુંડમાં શ્રીજી પ્રતિમાઓને વિર્સજીત કરી હતી. આ કુત્રિમ કુંડમાં વિસર્જન કરાયેલી પ્રતિમાઓનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની કવાયત વહિવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

### વડાપ્રધાન મોદીના સ્વચ્છતા પાઠ ભાજપ કાર્યકરો થોડી વારમાં જ ભૂલી ગયા, જ્યાં ખાધું ત્યાં જ કચરો ફેંક્યો



■ રાજપીપળા : સરદાર સરોવર નર્મદા બંધની 138.68 મીટરની ઐતિહાસિક સપાટી પહોંચતા કેવડિયા ખાતે પીએમ મોદી 17મી સપ્ટેમ્બરે નર્મદા નિરના વધામણા કરવા આવી પહોંચ્યા હતા .દરમિયાન એમણે ત્યાંજાહેર સભા પણ સંબોધી હતી. આ સભામાં ભાજપના 10 હજાર જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. એ સભામાં એમણે સ્વચ્છતાનો સંકલ્પ લેવડાવ્યો હતો. આ કાર્યકરોને અને આમ જનતાને કેવડિયા હેલિપેડ વિસ્તારમાં ફૂડ-પેકેટ આપવામાં આવ્યા. આ લોકોએ ફૂડ-પેકેટ ખાધા બાદ ત્યાં જ કચરો ફેંકીને જતા રહ્યા, થોડી જ વારમાં ત્યાં હેલિપેડ ગ્રાઉન્ડ પર ગંદકીનો ઢગલો થઈ ગયો. વડાપ્રધાન મોદીએ ભણાવેલા સ્વચ્છતાના પાઠ તેઓ થોડી વારમાં જ ભૂલી ગયા. મોદીએ ભાજપ કાર્યકરોને આપેલી શિખાણમ “શેઠની શિખામણ જાંપા સુધી” એ કહેવતને સાર્થક પુરવાર કરી હતી.

### બગુમરા પાસે કારની ટક્કરથી બાઈક સવારનું મોત, તેના મિત્રને ઈજા

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં બગુમરા ગામની સીમમાં આવેલી એકોર કંપનીની સામે બારડોલીથી કડોદરા રોડ ઉપર પૂરઝડપે પસાર થતી બ્રેઝા કાર નંબર જીજે-5-જેઆર-3395ના ચાલકે એક મોટરસાઇકલ નંબર જીજે-5-એચડી-6827ને અડફેટમાં લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મોટરસાઇકલ પર સવાર વિષ્ણુ દિલીપસિંહનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે અમિતકુમાર જયપ્રસાદસિંગને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે

## પલસાણા પાસેની ટાયરની દુકાનમાંથી 2.83 લાખનાં 41 ટાયર ચોરાયાં

**તસ્કરોએ કરિયાણાની** દુકાનને પણ નિશાન બનાવી

**ચોરી** થઈ તેના 100 મીટરે જ પોલીસ હોય છે

પલસાણા. પલસાણા ચાર રસ્તા નજીક આવેલ એક ટાયરની અને કરિયાણા ની દુકાન માં ગત રાત્રે કોઈ અજાણીયા તસ્કરો દ્વારા દુકાન નું તાળું તોડી ટાયર ની દુકાન માંથી 2.83 લાખ ના ટાયર ની ચોરી કરી નાસી ગયા હતા જયારે કરિયાણા ની દુકાન માંથી પણજીવન જરૂરિયાત નો સમાન ની ચોરી કરવામાં આવી હતી

પલસાણા ચારરસ્તા નજીક મલિક એપોલો ટાયર નામની દુકાન આવેલી છે જ્યાં ગત રાત્રે તસ્કરો ચોરી કરવાના ઇરાદે કોઈ ટેમ્પો જેવું મોટું વાહન લઈને ત્રાટક્યા હતા. તસ્કરોએ દુકાનનું શટલનું તાળું તોડી દુકાનમાંથી રૂા. 2.83 લાખના 41 ટાયર ઉઠાવી ગયા હતા ત્યાર બાદ નજીકમાં આવેલી અગ્રવાલ કરિયાણા સ્ટોરની દુકાનનું પણ તાળું તોડી તેમાંથી સિગારેટ- ગુટકા ઉપરાંત જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ પણ ચોરી ગયા હતા આ બનાવ અંગે પલસાણા પોલીસે મલિક ટાયરના મલિક આસિફ મુમતાજ મલેક (રહે વેસ્મા) ની ફરિયાદ લઈ વધુ તપાસ પલસાણા પોલીસ કરી રહી છે.

ચોંકાવનારી વાત એ છે કે, જ્યાં ચોરી થઇ તેના થોડા અંતરે જ રોજ નાઈટ શીપમાં પોલીસ કર્મી સાથે હોમગાર્ડ અને જી.આર.ડી ના માણસો ફરજ બજાવે છે તેમજ ચાર રસ્તા પાસે પોલીસ પેટ્રોલિંગ કરે છે. તેઓ કેવી ફરજ બજાવે છે. તે આ ઘટના પરથી અંદાજ આવી જાય છે.

## ઝઘડિયાની કોહલર ઇન્ડિયા કંપનીમાં કામ કરતાં બે કામદારો પિત્તળની ઇંટો ચોરી ગયા

ઝઘડિયાઃ ઝઘડિયા જીઆઈડીસીના પ્લોટ નં. ૮૨૮માં કાર્યરત કોહલર ઇન્ડિયા લિમિટેડ કંપની સીરામીક કંપની છે અને સેનેટરી વેરનું ઉત્પાદન કરે છે. બુધવારે કંપનીમાં પદમ ધનબહાદુર શાહી સિક્યુરિટીની ફરજમાં હતો. બપોરના ૧.૩૦ વાગ્યાના ગાળામાં કંપનીમાં લેબર તરીકે કામ કરતા વિદુર વસાવા અને અજય વસાવા ચોરી છુપીથી કંપનીમાં કામ માટે લાવવામાં આવેલી પિત્તળની પાંચ ઇંટો લઇ જતા જણાયા હતા. સિક્યુરિટી પદમ તેમની પાછળ દોડ્યો હતો ત્યારે બને ચોર ઈસમો ઇંટો કમ્પાઉન્ડમાં નાખી કંપનીની દીવાલ કૂદી નાસી ગયા હતા. આશરે ૩૩.૫ કી.ગ્રા.ની ઇંટો કંપનીઝ લેબર દ્વારા ચોરી કરવાનો પ્રયાસ કરતા આ બાબતે સિક્યુરિટી પદમે કંપનીના આસિસ્ટન્ટ મેનેજર સતીશ નર્મદેશ્વર પાંડેને જાણ કરી હતી. કંપની મેનેજર દ્વારા (૧) વિદુર હરિસિંગ વસાવા (૨) અજય ઉમેદ વસાવા (બંને રહેવાસી ભોજપુર તા. ઝઘડિયા) વિરૂદ્ધ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### માંડવીના મોટીચેર તળાવમાંથી અજાણ્યા યુવાનની લાશ મળી

તરસાડા : માંડવીના મોટીચેર ગામે આવેલા અણુમથક પાવર પ્લાનના તળાવમાંથી ગુરૂવારે સવારે કોઈ અજાણ્યા યુવાનની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે અણુમથકના સી.આઇ.એસ.એફ (CISF)ના સંજયકુમાર રામચરણ બડાઈકે ( મૂળ ,રહે -ઝારખંડ)એ માંડવી પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને લાશને કબજે લીધી હતો. મૃતકની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષની જણાય છે. માંડવી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## તિલકવાડાના ગંભીરપુરા ગામમાં દીપડો ઘૂસી આવ્યો: બે બકરાંનો શિકાર કરતાં લોકોમાં ફફડાટ

**દીપડો જે સમયે** ત્રાટક્યો તે સમયે વરસાદ પડતો હોવાથી ગામમાં અંધારપટ છવાયો હતો



રાજપીપળા : નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં આવેલા ગંભીરપુરા ગામમાં દીપડો આવી ચઢી ગામના બે બકરાનો શિકાર કરતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે .

તિલકવાળાના ગંભીરપુરા ગામે ગત રાત્રે એક દીપડો શિકારની શોધમાં ગામમાં ધુસી આવ્યો હતો, એ સમયે ભારે વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ પડવાના કારણે વિજળીઓ ગુલ થઈ હતી જેથી ગામમાં લાઈટો બંધ હતો. અંધારામાં દીપડો મુખ્યમાર્ગ પાસે આવેલા નગીનભાઈ લાલજીભાઈ ભીલના મકાનના કોઢિયામા ધુસી જઈ બાધેલા બે બકરાને ફાડી ખાધા હતા. આ બાબતની જાણ થતાં બકરાના માલિકે બુમરાણ મચાવતા દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો ત્યારબાદ સમ્રગ બનાવ અંગેની વન વિભાગના અધિકારીઓને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. વન વિભાગ વહેલી તકે ત્યાં પાજંરુ મુકીને દિપડાને જબ્બે કરે એવી લોકોની માગણી છે.

## વાલિયાની કંપનીના પાર્કિંગમાં કારનો કાચ તોડી રોકડા બે લાખની ચોરી

વાલિયા : અંકલેશ્વરના ગડખોલની પ્રમુખ પાર્ક સોસાયટીમાં રહેતા અને વાલિયાના કોંઢ ગામ પાસે આવેલી ગુજરાત ગાર્ડિયન કંપનીમાં પ્રોડક્શન કોડીનેટર તરીકે ફરજ બજાવતા અનીલ રાજપૂત અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી એચડીએફસી બેન્કમાં પોતાના ખાતામાંથી રૂપિયા બે લાખ ઉપાડીને એક પ્લાસ્ટિકની બેગમાં મૂકી પોતાની અર્ટિકા કારના ડેશબોર્ડના ખાનામાં મૂકી તેઓ ગુજરાત ગાર્ડિયન કંપનીમાં આવ્યા હતા અને કાર કંપનીના પાર્કિંગમાં પાર્ક કરી ફરજ પર ગયા હતા. દરમ્યાન બે અજાણ્યા ઈસમો આવી તેઓની કારના દરવાજાનો કાચ તોડી ડેશબોર્ડના ખાનામાં મુકેલા રોકડા રૂપિયા બે લાખની બેગની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ અંગેની જાણ અનીલ રાજપૂતને થતા તેઓએ વાલિયા પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ઝઘડિયામાં બોરડી કાપી રસ્તામાં નાંખવા બાબતે ભાઈઓ બાખડ્યા: ચાર સામે ફરિયાદ

ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકાના મોરણ ગામે રહેતા રમેશભાઈ ગંભીરભાઈ વસાવા મજૂરી અને પશુપાલન કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રમેશનો મોટો ભાઈ કિરણ તેની બાજુમાં જ રહે છે. રમેશ અને તેમની પત્ની કપિલા ઢોર ચરાવી ઘરે આવ્યાં હતાં. ત્યારે મોટો ભાઈ કિરણ તેમના ઘરની સામે આવેલી બોરડી કાપી રસ્તામાં નાંખતો હતો. આ બાબતે રમેશે કિરણને કહ્યું હતું કે, બોરડી કાપી રસ્તામાં કેમ નાંખો છો? આમ કહેતાં જ કિરણે ધારિયાનું પુથ્થુ કાંડાના ભાગે મારી દીધું હતું. અને રમેશને ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. આ વખતે કિરણના છોકરા પંકજ, પરેશ, સંદીપે પણ ઘરમાંથી બહાર આવી તેના કાકા રમેશને માર માર્યો હતો. જેથી પતિને મારથી બચાવવા આવેલાં કપિલાબેનને પણ તેના ભત્રીજા પરેશે તેના હાથમાંની લાકડી પગમાં મારી ઇજા પહોંચાડી હતી. આ ચારેયે ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બનાવમાં ઈજાગ્રસ્ત રમેશભાઈને પુત્રવધૂ અવિધા સીએચસી પર પ્રાથમિક સારવાર માટે લઇ ગઈ હતી. ત્યાંથી વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ લઇ જવાયો હતો. આ બાબતે રમેશ ગંભીર વસાવાએ તેના મોટા ભાઈ કિરણ ગંભીર વસાવા, ભત્રીજા પંકજ કિરણ વસાવા, પરેશ કિરણ વસાવા અને સંદીપ કિરણ વસાવા વિરુદ્ધ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.



**અરબી સમુદ્રના કિનારે દહેજ ગામનો શુદ્ધ પાણીનો સંકલ્પ**

## દહેજનું તળાવ નયનરમ્ય બનાવવા અદાણી કંપનીએ રૂ.૪૦ લાખ ફાળવ્યા

**અંદાજે ૩૫** હજારની વસ્તી ધરાવતા દહેજમાં ભવિષ્યમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ બનાવવાનું આયોજન

પાનોલીઃ અરબી સમુદ્રના કિનારે દહેજનું તળાવ પાણી સંગ્રહ કરે એ માટે દહેજની અદાણી કંપનીએ સીએસઆર ફંડમાંથી રૂ.૪૦ લાખ ગ્રામ પંચાયતને ફાળવ્યા હતા. દહેજ ગામમાં સૌંદર્યશીલ તળાવ બનાવ્યા બાદ ગામ માટે એક નવી રોનક ઉભી થશે. અંદાજે ૩૫ હજારની વસ્તી ધરાવતા દહેજમાં અદાણી કંપનીએ દહેજ તળાવ આધુનિક બનાવીને પાણીના પ્રવાહને અડકાવી તેનો સંગ્રહ થાય એવા ગ્રામ પંચાયત દ્વારા પગલાં લેવા માંડ્યા છે. આ પ્રસંગે તાજેતરમાં દહેજ ગ્રામ પંચાયતના સરપંચ જયદીપસિંહ રણા, દહેજ અદાણી પોર્ટના બી.જી. ગાંધી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરપંચ જયદીપસિંહ રણાએ જણાવ્યું હતું કે આવતીકાલનું દહેજ ડેવલપમેન્ટ કરીને હાઈટેક વિલેજ બનાવવાનો અમારો પ્રયાસ હશે. ભવિષ્યમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નવી હાઈસ્કૂલોના ઓરડા બનાવીને સુવિધાથી સજ્જ કરવાનો અમારો પ્રયાસ હશે. જેમાં ઉધોગ જગતનો સહયોગ હંમેશા મળતો રહેશે.

Centre for Personnel Talent Management (CEPTAM)
*Scrutinize, Actualize & Recognize Human Potential*
scrutinize actualize recognize human potential
ISO 9001:2015
Defence Research & Development Organisation (DRDO)
Ministry of Defence, Government of India
*"Government strives to have a workforce which reflects gender balance and women candidates are encouraged to apply"*
CEPTAM-09/Admin & Allied (A&A)
DRDO Looking for young, promising and energetic aspirants to serve the Nation in Group-C, Non-Gazetted Posts under Admin & Allied Cadre (224 Vacancies#)
POST NAME:- Stenographer Grade-II, Administrative Assistant-'A', Store Assistant-'A', Security Assistant-'A', Clerk (Canteen Manager Grade-III), Asstt Halwai-cum-Cook, Vehicle Operator-'A', Fire Engine Driver-'A' and Fireman

Essential Qualification$
❑Pass in 10th Standard from a recognised Board.
❑12th Class pass Or equivalent from a recognised Board or University *[for the post of Stenographer Grade-II, Administrative Assistant, Store Assistant and Security Assistant]*

Age Limit
18 and 27 Years (Relaxations as per Govt. of India rules).

Scheme of Exam
Tier-I : Computer Based Test (CBT)
Tier-II: Trade/ Skill/ Physical Fitness & Capability Test, wherever applicable (QUALIFYING)

Remuneration & Other Benefits
❑ Pay at level 2, as per 7th CPC for all posts except Stenographer Grade-II i.e. Pay Level 4.
❑ CSD, Medical Facility, Leave Travel Concession, Children Education Allowance and other allowances/advances as per Govt of India rules.

DAVP 10301/11/0079/1920

$The full advertisement regarding detailed information of vacancies, eligibility, registration, application & selection procedure will be published in Employment News dated 21-27 Sept 2019 and will also be available on (https://www.drdo.gov.in/drdo/ceptam/ceptamnoticeboard.html). Online registration will begin on 21st Sept 2019 (10:00 hrs) and closing date is 15th Oct 2019 (17:00 hrs). Apply early, to avoid network congestion and ensure your candidature for the online examination. The Date of Exam will be published on our website later.

Apply online through QR code
Step 1: Download QR code scanner app
Step 2: Open QR code scanner app & scan it
Step 3: Open URL & follow the instructions

*# The Number of Vacancies may vary depending on organisational requirements.*

Helpdesk Support:
Email: ceptam-drdo@gov.in
Helpline: 011-23882323, 23819217
Website: www.drdo.gov.in